# Meeting between External Affairs Minister and Foreign Minister of Maldives

August 13, 2020

## વિદેશ મંત્રી અને માલદીવનાં વિદેશ મંત્રી વચ્ચે મીટિંગ

ઓગસ્ટ 13, 2020

1. ભારતનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર (વિદેશ મંત્રી) અને માલદીવનાં વિદેશ મંત્રી અબ્દુલ્લા શાહિદ વચ્ચે 13 ઓગસ્ટ, 2020 નાં રોજ વિડીયો કોન્ફરન્સ મારફત મીટિંગ યોજાઇ હતી.

2. આ વાર્તાલાપ ભારત અને માલદીવ વચ્ચે નિયમિત ઉચ્ચ-સ્તરનાં આદાન-પ્રદાનોનો હિસ્સો હતો. તેણે દ્વિપક્ષીય સંબંધોની સ્થિતિ જાણવાની અને કોવિડ-19 નાં સંદર્ભમાં તથા એકંદર દ્વિપક્ષીય ભાગીદારીનાં સંદર્ભમાં કેટલીક સીમાચિહ્ન જાહેરાતો કરવા માટે એક તક પ્રદાન કરી હતી. મંત્રીઓએ ભારત અને માલદીવ વચ્ચે લાંબા-સમયનાં પરિપક્વ બનેલા સંબંધોની સ્થિતિની સમીક્ષા કરી હતી, અને સંતોષ સાથે નોંધ લીધી હતી કે કોવિડ-19 મહામારી દ્વિપક્ષીય સહકારની ગતિ ધીમી કરી શકી નથી. વિદેશ મંત્રીએ ભારતનાં લોકો અને સરકાર વતી માલદીવનાં લોકો અને સરકારને શુભેચ્છાઓ પણ પાઠવી હતી, અને રાષ્ટ્રપતિ સોલિહને ખાતરી આપી હતી કે ભારત તેનાં નજીકનાં દરિયાઇ પાડોશી અને મુશ્કેલ સમયમાં મિત્ર પડખે ઉભો છે.

3. વિદેશ મંત્રીએ ખુશી વ્યક્ત કરી હતી કે કોવિડ-19નો મુકાબલો કરવામાં ભારત અને માલદીવ દ્વારા ખુબ નજીક રહીને કાર્ય કરવામાં આવ્યું હતું અને પાડોશી દેશોમાં માલદીવ ભારતીય કોવિડ-19 સંબંધિત સહાયતાનું સૌથી મોટો લાભાર્થી દેશ છે. વિદેશ મંત્રીએ મહામારીની આરોગ્ય અને આર્થિક અસર ન્યૂનત્તમ કરવા માટે માલદીવને તમામ સંભવિત સહાયતા કરવા માટેનાં ભારતની સતત કટિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. ભારતનાં વિદેશ મંત્રી અને માલદીવનાં વિદેશ મંત્રી શાહિદે ભારપૂર્વક કહ્યું હતું કે વ્યાપક જોડાણ સમૃદ્ધિમાં પરિણમે છે.

4. ડિજિટલ વિડીયો કોન્ફરન્સમાં, વિદેશ મંત્રીએ નીચેની જાહેરાતો કરી હતી:

   (i) ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ (જીએમસીપી):

   માલદીવ સરકારની વિનંતીનો પ્રતિભાવ આપતા, વિદેશ મંત્રીએ 100 મિલિયન યુએસ ડોલરનાં અનુદાન અને 400 મિલિયન યુએસ ડોલરની નવી લાઇન ઑફ ક્રેડિટ સમાવતા આર્થિક પેકેજ મારફત માલદીવમાં જીએમસીપીનાં અમલીકરણને સમર્થન આપવાનાં ભારત સરકારનાં નિર્ણયની જાહેરાત કરી હતી. વિદેશ મંત્રીએ નોંધ લીધી હતી કે આ માલદીવમાં સૌથી મોટો નાગરિકી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ બનશે, જે માલે (માલદીવની રાજધાની) સાથે ત્રણ પાડોશી ટાપુઓ - વિલ્લિંગિલી, ગુલ્હીફાલુ (જ્યાં ભારતીય લાઇન ઑફ ક્રેડિટ અંતર્ગત એક પોર્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે) અને થિલાફુશિ (નવો ઔદ્યોગિક ઝોન) ને 6.7 કિમી લંબાઇનાં બ્રીજ અને કોઝવે લિંકનાં નિર્માણથી જોડે છે. પૂર્ણ થવા પર, આ સીમાચિહ્ન પ્રોજેક્ટ 4

ટાપુઓ વચ્ચે જોડાણ રેખા બનાવશે, તેનાંથી આર્થિક પ્રવૃત્તિમાં વેગ મળશે, રોજગારીનું નિર્માણ થશે અને માલે પ્રાંતમાં સર્વાંગી શહેરી વિકાસને પ્રોત્સાહન મળશે.

(ii) ભારત અને માલદીવ વચ્ચે સીધી કાર્ગો ફેરી સેવાનો પ્રારંભ: જૂન 2019 માં મજલિસમાં ભારતનાં વડાપ્રધાનની ભારત અને માલદીવ વચ્ચે ફેરી સેવા શરૂ કરવાની જાહેરાતને યાદ કરતા, વિદેશ મંત્રીએ જાહેરાત કરી હતી કે ટૂંક સમયમાં સીધી કાર્ગો ફેરી સેવા શરૂ થશે. વિદેશ મંત્રીએ બન્ને દેશો વચ્ચેનાં દ્વિપક્ષીય વ્યાપાર અને જોડાણમાં વધારો કરવા અને આર્થિક ભાગીદારીમાં વધુ વેગ આપવામાં આ સેવાની અગત્યતા પર ભારપૂર્વક જણાવ્યું હતું. કાર્ગો ફેરી સેવા દરિયાઇ જોડાણમાં વધારો કરશે અને માલદીવમાં આયાતકારો માટે અને ભારતમાં નિકાસકારો માટે પૂરવઠાઓમાં અનુમાન પ્રદાન કરશે. વ્યાપારીઓ માટે લોજિસ્ટિક્સનાં ખર્ચાઓમાં અને સમયમાં પણ ઘટાડો કરશે.

(iii) એર ટ્રાવેલ બબલનું નિર્માણ: વિદેશ મંત્રીએ રોજગારી, પ્રવાસન, તબીબી આપાત્તકાલિન વગેરે માટે બન્ને પક્ષો તરફથી લોકોનાં આવાગમનની સુવિધા પ્રદાન કરવા માટે એર ટ્રાવેલ બબલનાં નિર્માણની પણ જાહેરાત કરી હતી. આપણા ખાસ જોડાણોને ધ્યાનમાં રાખીને, માલદીવ પ્રથમ પાડોશી દેશ છે જેની સાથે એર બબલ કાર્યરત કરવામાં આવી રહ્યો છે. આ એર બબલ માલદીવમાં પ્રવાસન આગમનો અને આવકમાં વધારો કરવા ભારતની સહાયતાને ચિહ્નિત કરે છે. બન્ને દેશોમાં આરોગ્ય પ્રોટોકોલનું કડક પાલન કરવામાં આવશે. એર બબલ અંતર્ગત પ્રથમ ઉડાન 18 ઓગસ્ટનાં રોજ શરૂ થવાનું અપેક્ષિત છે.

(iv) માલદીવમાં જીવનજરૂરી ચીજવસ્તુઓનો પૂરવઠો: 1981 નાં દ્વિપક્ષીય વ્યાપાર કરાર અંતર્ગત ભારતની કટિબદ્ધતા પૂર્ણ કરતા, વિદેશ મંત્રીએ વર્ષ 2020-21 માટે માલદીવમાં જીવનજરૂરી ચીજવસ્તુઓનાં પૂરવઠા માટેનાં ક્વોટા રીન્યૂ કરવાનાં નિર્ણયને વ્યક્ત કર્યો હતો. આ જીવનજરૂરી ચીજવસ્તુઓમાં બટેટા, ડુંગળી, ચોખા, ઘઉં, લોટ, ખાંડ, દાળ અને ઇંડા જેવી ખોરાકની વસ્તુઓ તેમજ નદીની રેતી અને પથ્થરોનો સમાવેશ થાય છે. આ ક્વોટા ખોરાકની સુરક્ષાની અને મહત્વની બાંધકામની વસ્તુઓનાં પૂરવઠાની ખાતરી આપે છે અને તેનાંથી માલદીવમાં આવી મહત્વની વસ્તુઓ માટે સુનિશ્ચિતતા અને ભાવની સ્થિરતા પ્રદાન કરે છે.

કોવિડ-19 મહામારી દરમિયાન, જ્યારે પૂરવઠા સાંકળ ખોરવાઇ ગઇ હતી, ત્યારે ભારતે માલદીવને મહત્વની ખોરાક અને બાંધકામ સામગ્રીઓનાં પૂરવઠાની સહાયતા ચાલું રાખી હતી. મે 2020 માં, ભારતે મિશન સાગર મારફત 580 ટન મહત્વનાં ખાદ્ય પદાર્થોની ભેંટ પણ આપી હતી.

(v) તાકીદની નાણાકીય સહાયનું નિસ્તરણ: કોવિડ-19 ની પરિસ્થિતિને કારણે માલદીવને સામનો કરવો પડી રહ્યો છે તે આર્થિક પડકારો અને આર્થિક રીકવરીમાં માલદીવને સહાય કરવાની ભારતની કટિબદ્ધતાને ધ્યાનમાં લઇને, વિદેશ મંત્રીએ જાહેરાત કરી હતી કે ભારત સરકાર દ્વારા સોફ્ટ લોન વ્યવસ્થાનાં માર્ગે માલદીવ સરકારને તાકીદની નાણાકીય સહાયની મુદ્દલમાં વધારો કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. લોન વ્યવસ્થાનાં સચોટ નમુનાને બન્ને પક્ષો દ્વારા અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે.

5. વિદેશ મંત્રી શાહિદે તેની સરકારનાં વિકાસનાં પ્રાધાન્યો પૂર્ણ કરવામાં ભારત સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓ માટે પ્રશંસા અભિવ્યક્ત કરી હતી. તેણે નોંધ લીધી હતી કે ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ

ભારત-માલદીવ જોડાણોમાં એક નવું સીમાચિહ્ન હશે અને માલલદીવનાં આર્થિક અને ઔદ્યોગિક રૂપાંતરણને ગતિ આપશે. ભારત દ્વારા સમયસર પહોંચાડવામાં આવેલી નાણાકીય સહાય બદલ વિદેશ મંત્રી શાહિદે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેણે નોંધ લીધી હતી કે આ નાણાકીય સહાય કોવિડ-19 કટોકટીની અસર સામે લડી રહેલા માલદીવનાં અર્થતંત્રનો પુનઃઉદ્ધાર કરવામાં મદદ કરશે.

6. વિદેશ મંત્રી શાહિદે ભારત અને માલદીવ વચ્ચે એર બબલનાં નિર્માણ અનને સીધી કાર્ગો ફેરી સેવા શરૂ કરવાનાં નિર્ણયનું સ્વાગત કર્યું હતું. આ બન્ને પગલાઓ દ્વિપક્ષીય વ્યાપારને વધારે મજબૂત બનાવશે અને બન્ને દેશોનાં લોકોનાં પરસ્પરનાં સંબંધોમાં નિકટતા લાવશે જે આપણી ગતિશીલ ભાગીદારીનાં પાયાનાં પથ્થરો સમાન છે.

7. નવેમ્બર 2018 થી, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમદ સોલિહની આગેવાનીમાં, ભારત અને માલદીવ ભાગીદારીનાં ગતિશીલ અને મહાત્વાકાંક્ષી તબક્કામાં પ્રવેશ્યા છે જે પરસ્પરનાં વિશ્વાસ અને સંયુક્ત હિતોનાં આધાર પર આપણા દિર્ઘકાલીન જોડાણો પર નિર્માણ પામી છે. ભારતની ‘પાડોશીને પ્રાથમિકતા’ વિદેશ નીતિ અને માલદીવની ‘ભારત પ્રથમ’ નીતિ એકબીજાની પૂરક છે અને હવે નક્કર પરિણામો પ્રદર્શિત કરે છે. વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ સોલિહ છેલ્લા દોઢ વર્ષમાં ચાર વખત મળ્યા છે. કોવિડ-19 સંબંધિત પરિસ્થિતિઓને આધીન, રાષ્ટ્રપતિ સોલિહ આ વર્ષનાં અંત સુધીમાં ભારતની મુલાકાત લે તેવી સંભાવના છે.

8. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને વિદેશ મંત્રી અબ્દુલ્લા શાહિદે ખાસ કરીને 800 મિલીયન યુએસ ડોલરની લાઈન ઑફ ક્રેડિટ અંતર્ગતનાં દ્વિપક્ષીય પ્રોજેક્ટ્સ અને શરૂ કરવામાં આવેલી પહેલનાં અમલીકરણમાં હાંસલ થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો. બન્ને નેતાઓ નજીકથી સાથે મળીને કાર્ય કરવાનું ચાલું રાખવા પર સંમત થયા હતા જેથી દ્વિપક્ષીય સંબંધો વ્યાપક અને ઉંડાણપૂર્વકનાં બનવાનું ચાલું રહે.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 13, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.